# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 22-03-2022

- **જનતાના મતથી જીત બાદ રાહત આપવી તે "રાજધર્મ", જનતાના મતથી જીત બાદ મોંઘવારી આપવી તે "રાજધોખા", "વિશ્વાસઘાત"**
- **આઠ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ – ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને 26 લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી**

"બહુત હુઈ મહંગાઈ કી માર", "અચ્છેદિન" ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારમાં મોંઘવારી આસમાને, ભાજપા સરકારમાં સંગ્રહખોરો, કાળાબજારીયાઓ બેફામ છે ત્યારે જનતા સાથે છેતરપીંડી કરનાર ભાજપા સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારી અને આર્થિક હાલાકીમાં મોંઘવારીના બેફામ મારથી સામાન્ય – મધ્યમવર્ગને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. **કિરાણા ખર્ચમાં છ મહિનામાં 9.3 ટકા અને બે વર્ષમાં 44.97 ટકાનો જંગી વધારાથી મહિને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીનો ગૃહિણીઓ સામનો કરી** રહી છે. ઘરના બજેટ પણ ખોરવાઈ ગયા છે. સીંગતેલ – કપાસીયા તેલના ડબ્બાના બમણા ભાવ, તેલમિલરો અને ભાજપ સરકારની સાંઠગાંઠથી જનતા પરેશાન છે. સીંગતેલના એક ડબ્બાનો ભાવ 2600 રૂપિયા, પામોલીન તેલના 2400 રૂપિયા અને સોયાબિન તેલના 2200 રૂપિયા થઈ ગયા છે. કપાસીયા અને સીંગતેલના ભાવ લગભગ સરખા થઈ ગયા છે. સાબું – ટુથપેસ્ટ, માઉથવોશ, શેમ્પુના ભાવમાં પણ ફરી વધારો કંપનીઓ કરી રહી છે, દશ ટકા ભાવ વધારાથી પરિવારોનું બજેટ ખોરવાયું છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ ભાવ વધારો થયો હતો. તેલ, મસાલા, સાબુ, સોડા, સહિતની જીવન નિર્વાહની ચીજ વસ્તુઓના વધતા જતા ભાવ થી સામાન્ય - મધ્યમ વર્ગની કમર તૂટી રહી છે.

એક તરફ વધતી જતી મોંઘવારી, વધતા જતા ખર્ચ, બીજી બાજુ સતત ઘટતી આવક, ફિક્સ ડીપોઝીટના ઘટતા જતા વ્યાજદરથી સીનીયર સીટીઝન પરિવારો માટે જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે ત્યારે જનતાના મતથી જીત બાદ રાહત આપવી તે "રાજધર્મ" જનતાના મતથી જીત બાદ મોંઘવારી આપવી તે "રાજધોખા", "વિશ્વાસઘાત" તેવા આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોઘું શિક્ષણ, મોંઘી આરોગ્ય સેવા, વીમા કંપનીના વધતા જતા પ્રિમીયમ, ઘટતા જતા પગારથી સામાન્ય – મધ્યમવર્ગના પરિવારો આર્થિક તકલીફોનો સામનો કરી રહ્યાં છે. ગેસના બાટલામાં 50 રૂ. નો ફરી વધારાથી રૂ. 1000ના ભાવે પહોંચી ગયો છે જે વર્ષ 2014માં 400 રૂપિયાનો બાટલો મળતો હતો, મહિલાઓને મોંઘવારીની ભેટ આપતી ભાજપ

સરકારમાં જીત પછી અહંકાર, નિરંકુશતા અને મોંઘવારીના દિવસોના લીધે દેશની અને રાજ્યની જનતા સામનો કરી રહી છે.

વર્ષ 2014-15 થી વર્ષ 2021-22ના આઠ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ – ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને 26 લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી છે, લૂંટ ચલાવાઈ છે. થોકબંધ ડીઝલના ભાવમાં 25 રૂપિયા પ્રતિ લીટરને લીધે ભારતીય રેલ્વે અને ભારતીય સેનાને મોટો ફટકો પડશે. આવક - પગારમાં ઘટાડો, ખર્ચા અને મોંઘવારીમાં સતત વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસ, સીએનજી સહિતના ભાવમાં કમરતોડ ભાવ વધારાથી જનતા ત્રાહિમામ થઈ રહી છે. દૂધ. દહી. છાસ. શાકભાજીના આસમાનને આંબતા ભાવ થી સામાન્ય વર્ગની કમર તૂટી ગઈ છે.

| | માર્ચ-20 | માર્ચ-22 |
|---|---|---|
| સૌયા તેલ | 95 | 165 |
| સનફ્લાવર તેલ | 111 | 190 |
| સરસવ તેલ | 120 | 200 |
| ખાંડ | 34 | 38 |
| તુવેરદાળ | 80 | 110 |
| ચણા દાળ | 54 | 70 |
| મગ દાળ | 80 | 105 |
| અડદ દાળ | 90 | 120 |
| કાબુલી ચણા | 75 | 125 |
| ચોખા | 44 | 64 |
| રાજમા | 85 | 170 |
| લોટ | 22 | 29 |
| મીઠું | 18 | 24 |
| પૌંવા | 33 | 60 |

.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા